## કલા આવિષ્કાર અને આસ્વાદ

- કનુ નાયક

# કોણ શ્રેષ્ઠ, બંસી કે બંસીધર?

"કલાનું લક્ષ્ય સૌંદર્ય ખરું, રૂપ નહિ. રૂપ એટલે ફૂલ પણ સૌંદર્ય એટલે સુવાસ. સૌંદર્ય અને રૂપ સાથે હોય ખરાં અને ન પણ હોય."

- રવિશંકર રાવલ

**જ્યારે** પણ સમકાલીન પ્રયોગોની વાત માંડવી પડે છે. ત્યારે અમારે સૌંદર્ય અને રૂપની દ્વિધામાં પડી જવું પડે છે. પ્રયોગોની, અભિનવ ઉર્મિઓની પ્રતીતિ થાય. પણ સૌંદર્ય ન પણ દેખાય. આમ છતાં કલાના વિવિધ પાસાઓની દ્રષ્ટિઓ ચિત્રનું મહત્ત્વ અને ઘણું વધારે પણ હોય!

પૉલ સિઝાં (ફ્રેન્ચ) રૂપને પ્રગટ કરવા કુદરત પાસે જઈ પહોંચે ખરો. પણ કુદરત પાસેથી શું લેવું, કેવી રીતે રજૂ કરવું તે પોતાની મુન્સફી પર રાખતો. કથાનકો અને પુરાણકથાઓને તેણે દૂર રાખી. પૂર્ણ પ્રકાશમાં કુદરતને જોઈ પ્રભાવાત્મકવાદ (Impressionism)ને સ્વીકાર્યો. રૂપ જોયું અને રંગનું સૌંદર્ય તેણે સ્વીકાર્યું આવી જ (Expressionist) અભિવ્યકતવાદી પ્રણાલી દેખાય. પાર્શ્વભૂમિમાં કોઈ રજૂઆત નહીં, છતાં છાયાપ્રકાશથી વાતાવરણ સર્જાતું લાગ્યું. ઓછા રંગોથી સારું પરિણામ એ કલાકારની સિધ્ધિ દેખાય છે. મયૂર અને પરીઓ દ્વારા 'બંસીધર' સ્વપ્નદ્રષ્ટા દેખાય (જુઓ Dream flight) છતાં સૌંદર્યની ઓછપ અનુભવાય. કર્કશતા પીંછીની રજૂઆતમાં ભળી ગઈ છે. (જુઓ - જાડાં કમળ - પર્ણ - ડાળીઓ) એટલે ફૂલ છે, ત્યાં 'સુવાસ' ન પણ હોય તેની પ્રતીતિ થાય. જગદીશ ડે પોતાના હૃદયની ઋજુ અનુભૂતિને રંગ, છાયાપ્રકાશ અને અર્થ વિભિન્નતા દ્વારા સફળ રીતે પ્રકટ કરી રહ્યા છે. તેથી ચિત્રફલક વર્ણનાત્મક, આશ્ચર્યભર્યું અને રંગોથી ભર્યું ભર્યું લાગે છે. તેમાં નવાઈ નથી!

## મિતાક્ષરી મનોભાવ

*** કલ્પના અમીનનાં માટી પાત્રો અને



કલ્પના અમીનનું આ શિલ્પ 'મા-બાળક' માટીમાં સર્જાયેલી કલાકૃતિ છે. બાળકના અને માના હાથ બન્નેને એકાંગી યોજી કલ્પનાનું ચાતુર્ય તેમાં નિયોજયું છે. હાથ નીચેનો અવકાશ, છાયાપ્રકાશ દ્વારા શિલ્પની ઘનતા તથા ગોળાઈનો અનુભવ કરાવે છે. રબર જેવા અસ્થિમાંસ વિણ માનવદેહમાં એક અદ્રશ્ય લય સર્જાય છે. હાથના ખભાથી માંડી